ગુજરાત પ્રદેશ ભાજપા

તા. ૦૭ ઓક્ટોબર, ૨૦૨૫

-------

વડનગર ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તથા દેશના પ્રધાનમંત્રી તરીકે જાહેરજીવનમાં અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'વારાણસી થી વડનગર' બાઈક સેવા યાત્રાનો સમાપન સમારોહ યોજાયો

-------

સમાપન કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી, ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુગજી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા

-------

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 7 ઓક્ટોબર 2001થી શરૂ થયેલી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીની યાત્રા આજે રાષ્ટ્રના પુનર્નિર્માણની યાત્રા બની છે

- શ્રી શિવરાજસિંહ ચૌહાણ

-------

આજે શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગૌરવશાળી, સમૃદ્ધ, સક્ષમ, શક્તિશાળી, આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ થઈ રહ્યું છે

- શ્રી શિવરાજસિંહ ચૌહાણ

-------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાને સુવિધા નહીં પરંતુ જવાબદારી અને પદને પ્રતિષ્ઠા નહીં પરંતુ જનસેવાનું માધ્યમ માની કાર્ય કર્યું છે

- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

-------

ગુજરાતના મુખ્યમંત્રીથી દેશના પ્રધાનમંત્રી સુધીની શ્રી નરેન્દ્રભાઇ મોદીની 25 વર્ષની યાત્રા સેવા સુશાસન અને રાષ્ટ્રસેવાનું અનોખું ઉદાહરણ બની છે

- શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ

-------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર અને કર્મભૂમિ વારાણસીની પવિત્ર ધરતીને જોડતી આ યાત્રા તેમના કાર્યકર્તાથી પ્રધાનસેવક અને જનસેવાથી રાષ્ટ્રસેવા સુધીની અવિરત યાત્રાને જન જન સુધી પહોંચાડવાનું માધ્યમ બની છે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના 25 વર્ષ પૂર્ણ થવાનો આજનો દિવસ દેશના ઇતિહાસમાં અને સુવર્ણ અક્ષરે લખાશે
- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

વડનગરની પવિત્ર ભૂમિએ દેશને શ્રી નરેન્દ્રભાઈ મોદીના રૂપમાં સપૂત આપ્યા છે જેમણે ગુજરાતની તકદીર બદલવાની સાથે ભારતની તસ્વીર પણ બદલી છે
- શ્રી તરુણ ચુગ

-------

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિશ્વના કોઈપણ ખૂણે ભારતની ચમક તથા શક્તિ સ્પષ્ટ દેખાય છે
- શ્રી તરુણ ચુગ

-------

પશ્ચિમ બંગાળમાં ભૂતકાળમાં લાંબા સમયથી ચાલતી તૃષ્ટીકરણની રાજનીતિ અને કુશાસન સામે મોદીજીના નેતૃત્વમાં રાષ્ટ્રવાદી સરકાર વિકાસ, ગરીબ કલ્યાણ અને માળખાકીય સુવિધાઓને નવી ગતિ આપી રહી છે
- શ્રી શુભેન્દું અધિકારી

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતના મુખ્યમંત્રી તથા દેશના પ્રધાનમંત્રી તરીકે જાહેરજીવનમાં અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત યોજાયેલી 'વડનગર-વારાણસી અને વારાણસી-વડનગર બાઈક સેવા યાત્રા' નો આજે ભવ્ય સમાપન સમારોહ યોજાયો હતો.

વડનગર ખાતે યોજાયેલા સમાપન કાર્યક્રમમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રી સુવેન્દુ અધિકારી, ભાજપા પ્રદેશ પ્રભારી

શ્રી તરુણ ચુગજી, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમાપન પ્રસંગે સંબોધન કરતા કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું કે, આજનો દિવસ ઐતિહાસિક છે અને વડનગરની પવિત્ર ધરતીને નમન કરવાનો અવસર છે, જ્યાંથી દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા મહાન જનનાયકનો જન્મ થયો છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે 7 ઓક્ટોબર 2001થી શરૂ થયેલી તેમની યાત્રા આજે રાષ્ટ્રના પુનર્નિર્માણની યાત્રા બની છે. છેલ્લા 25 વર્ષમાં થાક્યા કે અટક્યા વિના દેશના વિકાસ અને જનકલ્યાણ માટે કાર્ય કરનાર મોદીજી ના નેતૃત્વમાં ભારતે કોરોના મહામારી દરમિયાન વિશ્વના અનેક દેશોના નાગરિકોને સહાય પૂરી પાડી હતી અને આતંકવાદ સામે ઓપરેશન સિંદૂર દ્વારા ભારતની શક્તિનો પરચો આપ્યો છે. આજે મોદીજીના નેતૃત્વમાં ગૌરવશાળી, સમૃદ્ધ, સક્ષમ, શક્તિશાળી, આત્મનિર્ભર અને વિકસિત ભારતનું નિર્માણ થઈ રહ્યું છે ત્યારે દેશના યુવાનો રાષ્ટ્રપ્રથમના સંકલ્પ સાથે વિકસિત ભારતના નિર્માણમાં જોડાય તેવો તેમણે આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, આજે વડનગરની ધરતીના પનોતા પુત્ર અને વિકાસ પુરુષ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 25 વર્ષની અવિરત જનસેવાને વંદન કરવાનો ઐતિહાસિક અવસર છે. 7 ઓક્ટોબર 2001ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સેવાદાયિત્વ સંભાળ્યું ત્યારથી ગુજરાતના વિકાસના નવા યુગનો પ્રારંભ થયો અને આજે મુખ્યમંત્રીથી પ્રધાનમંત્રી સુધીની તેમની 25 વર્ષની યાત્રા સેવા સુશાસન અને રાષ્ટ્રસેવાનું અનોખું ઉદાહરણ બની છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સત્તાને સુવિધા નહીં પરંતુ જવાબદારી અને પદને પ્રતિષ્ઠા નહીં પરંતુ જનસેવાનું માધ્યમ માન્યું છે. તેમના નેતૃત્વમાં ગુજરાતમાં વાઈબ્રન્ટ સમિટ, ગિફ્ટ સિટી અને સેમિકન્ડક્ટર જેવા પ્રકલ્પોથી વિકાસને નવી દિશા મળી છે તથા દેશે અંતરિક્ષ, સંરક્ષણ અને ટેક્નોલોજી સહિતના ક્ષેત્રોમાં નવી સિદ્ધિઓ હાંસલ કરી છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું કે, 7 ઓક્ટોબરનો દિવસ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે ઐતિહાસિક અને સુવર્ણ અક્ષરે લખાય એવો દિવસ છે. સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વડનગરથી વારાણસી અને વારાણસીથી વડનગર સુધીની સેવા યાત્રામાં યુવા કાર્યકર્તાઓએ વિવિધ રાજ્યો, જિલ્લાઓ અને ગામોમાં જનસંવાદ કરી મોદીજીના 25 વર્ષના સેવાકીય કાર્યોના લાભાર્થીઓ સાથે મુલાકાત કરી છે. વડનગર તેમની જન્મભૂમિ અને વારાણસી તેમની કર્મભૂમિ છે ત્યારે બંને પવિત્ર ધરતીને જોડતી આ યાત્રા કાર્યકર્તાથી પ્રધાનસેવક અને જનસેવાથી રાષ્ટ્રસેવા સુધીની શ્રી નરેન્દ્રભાઈ મોદીની અવિરત યાત્રાનું પ્રતીક છે. ગુજરાતના વિકાસથી લઈને ભારતના ડિજિટલ અને માળખાકીય વિકાસ સુધી મોદીજીનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. તેમના 25 વર્ષના

સુશાસનમાંથી પ્રેરણા લઈને વિકસિત ભારતના નિર્માણ માટે સૌએ સંકલ્પબદ્ધ થવું જોઈએ તેમ તેમણે જણાવ્યું હતું.

ભાજપા પ્રદેશ પ્રભારી શ્રી તરુણ ચુઘજીએ જણાવ્યું કે, વડનગરની પવિત્ર ભૂમિએ શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા એવા પુત્રને આપ્યો છે જેમણે ગુજરાતની તકદીર બદલવાની સાથે વિશ્વમાં ભારતની તસ્વીર પણ બદલી છે. 2014માં પ્રધાનમંત્રી તરીકે શપથ લેતી વખતે મોદીજીએ ગરીબો, યુવાનો, મહિલાઓ અને વંચિતોના સપનાઓ પૂર્ણ કરવાની જે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી, તે આજે સાકાર થઈ રહી છે અને વિશ્વના કોઈપણ ખૂણે ભારતની ચમક તથા શક્તિ સ્પષ્ટ દેખાય છે. છેલ્લા 25 વર્ષમાં ગરીબો, સામાન્ય નાગરિકો, ખેડૂતો અને મહિલાઓ માટે કરેલા કાર્યોના પરિણામે ભારત વિશ્વની ચોથી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. વડનગરથી વારાણસી અને વારાણસીથી વડનગરની સેવા યાત્રા દ્વારા કાર્યકર્તાઓએ દેશના ગામડે-ગામડે જઈ મોદીજીના શાસનમાં  વિકાસકાર્યો જન જન સુધી પહોંચાડ્યા છે. વિકસિત ભારતનો મોદીજીનો સંકલ્પ હવે 140 કરોડ ભારતીયોનો સંકલ્પ બની ગયો છે ત્યારે સૌએ સાથે મળીને આ સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચાડવો જોઈએ તેમ તેમણે આહ્વાન કર્યું હતું.

પશ્ચિમ બંગાળના નેતા શ્રી શુભેન્દુ અધિકારીએ જણાવ્યું કે, વડનગરની પવિત્ર ધરતી પર આવીને શ્રી નરેન્દ્રભાઈ મોદીને જન્મ આપનારી આ ભૂમિને કોટિ કોટિ વંદન કરવાનું સૌભાગ્ય મળ્યું છે. વડનગરની માટીને માથે લગાવી તેમણે જણાવ્યું કે, પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને 'રાષ્ટ્ર પ્રથમ'નો મંત્ર આપ્યો છે અને 2047 સુધી વિકસિત ભારતના નિર્માણનો સંકલ્પ દેશની જનતાને આપ્યો છે. મોદી સરકારના નેતૃત્વમાં આતંકવાદ સામે જડબાતોડ જવાબ આપવામાં આવ્યો છે અને દેશની સુરક્ષા વધુ મજબૂત બની છે. તેમણે જણાવ્યું કે, પશ્ચિમ બંગાળમાં લાંબા સમયથી ચાલતી તૃષ્ટીકરણની રાજનીતિ અને કુશાસન સામે મોદીજીના નેતૃત્વમાં રાષ્ટ્રવાદી સરકાર વિકાસ, ગરીબ કલ્યાણ અને માળખાકીય સુવિધાઓને નવી ગતિ આપી રહી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનને કારણે પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રવાદી અને સનાતની સમાજને નવી આશા મળી છે તેમ જણાવી તેમણે આગામી સમયમાં પણ મોદીજીના નેતૃત્વમાં બંગાળને વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

વારાણસીથી ૨૫૦ બાઈક સાથે વડનગર માટે નીકળેલા ૫૦૦ સેવાયાત્રીઓ માં ગંગા તેમજ યાત્રા દરમિયાન વિવિધ રાજ્યોમાંથી પસાર થતાં વિવિધ પવિત્ર નદીઓ તથા ગ્રામ્ય વિસ્તારોના જળાશયોમાંથી જળ એકત્રિત કરી વડનગર પહોંચ્યા હતાં. આ પવિત્ર જળનો વડનગર ખાતે પૌરાણિક આસ્થાના કેન્દ્ર એવા શ્રી હાટકેશ્વર મહાદેવ મંદિરમાં જળાભિષેક કરવામાં આવ્યો હતો.

‘વડનગર થી વારાણસી અને વારાણસી થી વડનગર’ની સમગ્ર યાત્રા દરમિયાન સેવાયાત્રીઓ દ્વારા માર્ગમાં વિવિધ રાજ્યોના અનેક સ્થળોએ ગ્રામસભા, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન, લાભાર્થી સંવાદ, મહિલા સંવાદ અને વડીલો સાથે સંવાદ સહિતના વિવિધ સેવાલક્ષી અને જનસંપર્કના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોના માધ્યમથી કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસલક્ષી તથા જનકલ્યાણકારી યોજનાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવી હતી. સાથે સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના જાહેરજીવનમાં સેવા અને રાષ્ટ્રસમર્પણની યાત્રાની જાણકારી પણ નાગરિકો સુધી પહોંચાડવામાં આવી હતી. આમ, આ બાઈક સેવા યાત્રા માત્ર એક સ્થળથી બીજા સ્થળે પહોંચવાની યાત્રા ન બની રહેતાં સેવા, સંવાદ, જનસંપર્ક અને રાષ્ટ્રભાવનાનો સંદેશ લોકો સુધી પહોંચાડતી એક વ્યાપક જનજાગૃતિ યાત્રા બની રહી હતી.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ.પ્રશાંતભાઈ કોરાટ, યાત્રાના ઇન્ચાર્જ અને લોકસભાના સાંસદ શ્રી વિ.ડિ.શર્મા, રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પુર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ સહિત આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત